જુની પેન્શન યોજનામાં સમાવેશ કરવાના હુકમમાં સુધારા હુકમ કરવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2025/0486/B1

સચિવાલય, ગુજરાત

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

(૧) વિભાગનો તા.૧૨/૦૯/૨૦૨૫ નો સમાનાંકી હુકમ.

(૨) કમિ.શ્રીની કચેરીના પત્ર નં.મકમર/આઇસીડીએસ/૦૩૪૨/જુ.પે.યો./૨૦૨૫-૨૬, તા.૨૬/૨/૨૦૨૬ થી કરવામાં આવેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી ગુજરાત જાહેર સેવા આયોગની જા.ક્ર.:૨૩/૨૦૦૩-૦૪ થી નિમણૂંક પામેલા બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ને જુની પેન્શન યોજનામાં સમાવવા બાબતનો હુકમ કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબ સુધારા હુકમ કરવામાં આવે છે.

**સુધારા હુકમ:**

ઉક્ત હુકમમાં "સંબંધિત કર્મચારીશ્રીની અરજી અન્વયે કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી (આઇસીડીએસ) દ્વારા રજુ થયેલ દરખાસ્તની વિગતો તેમજ તેના આનુષાંગિક આધાર-પુરાવાને ધ્યાને લઇ સદર હુકમ કરવામાં આવેલ છે. જો રજુ કરેલ આધાર પુરાવા અંગે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો હુકમ રદ્દ કરવાપાત્ર થશે તથા સંબંધિત સામે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે" તેવા શબ્દો દુર કરવામાં આવે છે અને તેની જગ્યાએ " જૂની પેન્શન યોજનામાં સમાવેલ ઉક્ત અધિકારીઓ પ્રથમ નિમણૂંક થઈ તે જ સેવા પર ઉપરની જગ્યા પર બઢતી મેળવેલ છે. આમ, નાણા વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ ના ઠરાવના મુદ્દા નં. બ (૩) (ક) અનુસારની પાત્રતા ધરાવે છે." તેનો ઉમેરો કરવામાં આવે છે. આ સિવાય ઉક્ત તા.૧૨/૯/૨૫ ના હુકમની અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમજ તેમના નામે,

(આર. આર. પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત અધિકારીશ્રીઓ, કમિશનરશ્રી(આઇસીડીએસ) ની કચેરી મારફત.
- વિભાગના સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ.( વિભાગની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ

કરવા સારૂ.)
- સિલેક્ટ ફાઈલ

Signature Not Verified
Signed by : Rakeshkumar
Prajapati
Section Officer
Women and Child Development
Department
Date : 2026.03.23 12:57:56 IST


Open the document in Adobe Acrobat DC to verify the E-sign